# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

## પરિપત્ર

આથી સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, શિક્ષક સંવર્ગના અધિકારીશ્રીઓને રાજયમાં તેમજ રાજ્યની બહાર આઈ.સી.એ.આર. / એ.એસ.આર.બી. / યુ.પી.એસ.સી. / જી.પી.એસ.સી. / તથા અન્ય ઇન્સ્ટીટ્યુટ / અન્ય યુનિવર્સિટીમાં મીટીંગ / એકેડેમીકની કામગીરી માટે જવાનું થાય છે, તેવા કિસ્સામાં યુનિવર્સિટીના સ્ટેચ્યુટ એસ-૧૨૧ની આઈટમ નં. (૩૦) મુજબ વર્ષ દરમ્યાન ૧૫ દિવસ સુધીની રજા / મંજૂરી માટેની જોગવાઈ થયેલ છે. પરંતુ અનુભવના આધારે જણાયેલ છે કે આ મહત્તમ દિવસોની મર્યાદા ધ્યાને લીધા સિવાય સીનીયર ફેકલ્ટી વર્ષ દરમ્યાન પ્રવાસમાં જતાં હોય છે. જેથી તેમના હસ્તકની યુનિવર્સિટીની કામગીરીમાં વિલંબ થવાની સાથે સાથે જુનીયર ફેકલ્ટી મેમ્બર્સને આ પ્રકારની કામગીરી માટે અનુભવ તથા તક મળતી નથી.

ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, હવેથી તા.૦૧/૦૪/૨૦૧૫થી આ પ્રકારની કામગીરી માટેનો પ્રવાસ કાર્યક્રમ રજૂ કરવામાં આવે ત્યારે જે તે અધિકારીશ્રીઓએ વર્ષ દરમ્યાન ઉપરોક્ત સ્ટેચ્યુટ અંતર્ગત કેટલા દિવસનો કુલ પ્રવાસ કરેલ છે તેની વિગતો પ્રવાસ કાર્યક્રમના પત્રકમાં રીમાર્ક તરીકે રજૂ કરવાની રહેશે.

આથી સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ બાબતે જરૂરી તકેદારી આપની કક્ષાએ લેવાની રહેશે. જેની જાણ થવા વિનંતી.

(signature)
કુલપતિશ્રીના રહસ્ય સચિવ

નં. આકૃયુ/પીએસવીસી/૬૧ /૨૦૧૫
તા. ૧૫/૦૩/૨૦૧૫

<u>નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારું.</u>

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારું.
૨. યુનિવર્સિટીના તમામ યુનિટ / સબયુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ સારું.

<u>નકલ રવાના</u> :

૧. નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ – વેબસાઇટ પર પરિપત્ર મૂકવા બાબત.